# હિંમતનગરની સાબરડેરીમાં એમોનિયા ગેસ લિક થતા દોડધામ

## તંત્ર ધ્વારા સતર્કતા તપાસવા મોકડ્રીલનું આયોજન કરાયુ

હિંમતનગર, તા.૧૫


હિંમતનગર-અમદાવાદ રોડ પર બોરીયા નજીક આવેલ સાબરડેરીમાં મંગળવારે સવારના સુમારે પ્લાન્ટમાંથી અચાનક એમોનિયા ગેસ લિકેઝ થયો હતો જે અંગે તરત જ સરકારના સંલગ્ન વિભાગોને જાણ કરાયા બાદ તેઓ તરત જ સાબરડેરી ખાતે બચાવના સાધનો લઈને હાજર થઈ ગયા હતા. ત્યારબાદ જાણવા મળ્યા મુજબ આકરિમિક ઘટના બને ત્યારે તંત્રની સતકતાની ચકાસણી કરવા માટે મોકડ્રોલનું આયોજન કરાયુ હતું.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ બોરીયા સ્થિત સાબરડેરીમાં મંગળવારે સવારે ૧૦ વાગે અચાનક એમોનિયા રીસીવર ઓઈલ પર્સીંગ પોઈન્ટ પ્લાન્ટમાં એમોનિયા ગેસ લીક થયો હતો. જે અંગે સાબરડેરીના સેફ્ટી ઈન્ચાર્જ ઓફીસરે સંલગ્ન વિભાગોમાં ઈમરજન્સી કોલ આપીને જાણ કરી હતી. અને સત્વરે તરત જ બચાવ રાહત કામગીરી કરવાની માંગ કરાઈ હતી.

જેના પગલે સરકારી અને સાબરડેરીના સંલગ્ન કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓમાં દોડધામ મચીજવા પામી હતી. ગેસ લીક થવાના કારણે બે કામદારોને વધુ અસર જોવા મળી હતી. જેથી તરત જ તેમના પર પાણીનો છંટકાવ કરી મસાજ કરીને એમ્બ્યુલન્સમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

સાબરડેરીમાં બનેલી ઘટનાની જાણ થતા હિંમતનગર પાલિકાના બે ફાયરફાઈટર પણ પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી ગેસની તિર્વતા ઘટાડી દીધી હતી. સાથોસાથ સ્વબચાવ માટે આવેલી ટુકડીએ પીપીઈ કીટ પહેરીને ગેસ લિકેઝ અંગે જાણકારી મેળવી હતી.

સમગ્રઘટના બન્યાની જાણ થયા બાદ સંલગ્ન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ દાખવેલી સતર્કતાની તપાસ કરાયા બાદ જિલ્લા કલેક્ટરે મોકડ્રોલનું આયોજન કરાયુ હોવાની જાણકારી આપ્યા બાદ સાબરડેરીના કર્મચારીઓ અને સંલગ્ન વિભાગના અધિકારીઓમાં હાશકારો અનુભવાયો હતો.



**આથમતા સુરજના અજવાળા...**

ૐ સુર્યાય નમ:, આદિત્ય, ભાનું, ભાસ્કર, રવિ, સવિત એવા અનેક નામથી જેમની રોજ વહેલી સવારે પુજા થાય છે. સુર્યનારાયણ ભગવાન રોજ દર્શન આપતા હાજરા હજુર દેવતા છે. શિયાળાની ઋતુ દરમ્યાન કાતીલ ગાત્રો થીજવતી ઠંડીનો ચમકારો દિન-પ્રતિ-દિન વધતાં જીવ માત્ર વહેલી સવારે સુર્યોદય થવાની આતુરતાપુર્વક રાહ જોતા હોય છે કારણ કે લઘુત્તમ તાપમાનનો પારો એકાએક ગગડતાં ચોમેર શીત લહેર પ્રસરી જાય છે. શિયાળાની ઋતુ દરમ્યાન કમોસમી વરસાદ બાદ ઠંડીનું પ્રમાણ એકા-એક વધતાં જનજીવન વહેલી સવારે પ્રભાવિત થઈ રહ્યું છે. કાતીલ તીવ્ર ઠંડી અને સુસવાટા મારતા પવનો વચ્ચે સુર્યના કિરણોનું દિવસે સર્વ શ્રેષ્ઠ રક્ષણ જીવ માત્રને મળતું હોય છે. સમી સાંજે આકાશમાં આથમતા સુરજની તસ્વીર જોવા મળે છે. ઢળતી સમી સાંજે નભ મંડળમાં આભની અટારીએથી વિદાય લેતા સુર્યને કેમેરામેને આબાદ નયનરમ્ય તસ્વીર કેમેરાના કચકડે કેદ કરી હતી.

# હિંમતનગરમાં કોરોનાના સાત કેસ, જિલ્લામાં કુલ ૧૨ કેસ નોધાયા

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં મંગળવારે કોરોના પોઝેટીવના સાત કેસ નોધાયા છે. જોકે જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૨ છે. તો બીજી તરફ જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૦૬૦ થયો છે. જે પૈકી ૧૦૧૦ દર્દીઓ સાજા થયા છે અને હાલ જિલ્લામાં એકટીવ કેસની સંખ્યા ૧૩૧ થવા જાય છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુબજ મંગળવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જિલ્લામાં જે ૧૨ કેસ નોધાયા છે તેમાં એકલા હિંમતનગરના સાત કેસ છે. જે મુજબ લક્ષ્મીનારાયણ સોસાયટીમાં ૫૧ વર્ષિય પુરૂષ, અમરનાથ સોસાયટીમાં ૩૦ વર્ષિય પુરૂષ, મહેતાપુરા જૈન દેરાસર પાસે રહેતા૩૨ વર્ષિય પુરૂષ, મહેતાપુરા અધિકારી ક્વાટર્સમાં ૪૦ વર્ષિય મહિલા, ચિત્રકુટ સોસાયટીમાં ૪૫ વર્ષિય પુરૂષ, સિધ્ધાર્થનગરમાં ૪૦ વર્ષિય પુરૂષ અને સુર્યોદય બંગ્લોઝમાં રહેતા ૫૨ વર્ષિય



**ગાયત્રી પરીવાર ટ્રસ્ટ ધ્વારા ઈનામ વિતરણ કરાયું**

ગાયત્રી જ્ઞાન ગંગોત્રી,શાંતિકુંજ - હરિદ્વાર પ્રેરીત ગાયત્રી પરીવાર ટ્રસ્ટ,લીલછા અને ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર સમન્વય સમિતિ ધ્વારા આયોજીત ઉચ્ચસ્તરીય શ્રેષ્ઠ વાંચન પ્રેરક પરીક્ષા - ૨૦૨૦ માં ઉત્તિર્ણ થયેલ પરીક્ષાર્થીઓનું સન્માન, ઈનામ વિતરણ તેમજ નુતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ એન.આર.એ. વિદ્યાલય, ભિલોડામાં યોજાયો હતો.ગાયત્રી પરીવારના પરીજનો, સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ટેકના ભાવે મગફળીની ખરીદી શરૂ થતા ખેડૂતોના હૈયે હાશકારો

## મોડાસા કેન્દ્ર પર ૪૦ જેટલા ખેડૂતો પહોંચ્યા, માલપુર નજીક મગફળી ભરેલું ટ્રેક્ટર પલટ્યું

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચાણ માટે ખેડૂતો ઉમટતા અત્યાર સુધી ૯૬ હજારથી વધુ કવીન્ટલ મગફળીની ખરીદી ખરીદી સ્થગીત કરી દેતા ખેડૂતો મૂંઝવણમાં મુકાયા હતા, ત્યારે ફરીથી ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવતા ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે. માલપુર ટેકાના ભાવે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર પર કાગડા ઉડતા હોય તેવી સ્થિતી જોવા મળતી હતી. દિવાળી બાદ સ્થિતી બદલાતા ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી



કરવામાં આવી છે. કમોસમી વરસાદના પગલે ટેકાના ભાવે ખરીદેલ મગફળી પલળી જતા ખરીદ એજન્સીએ મગફળી મગફળી કેન્દ્ર પર ટ્રેક્ટરમાં મગફળી વેચાણ અર્થે આવી રહેલ ખેડૂતનું ટ્રેક્ટર પલટી જતા મગફળી રોડ પર ઢગલો થઇ ગયો હતો અન્ય ખેડૂતો તાબડતોડ મદદ માટે પહોંચી ખેડૂતની મગફળી ટેકાના ભાવે ખરીદકેન્દ્ર પર પહોંચાડી હતી.

અરવલ્લી જીલ્લામાં દિવાળી પહેલા ખુલ્લા બજારમાં મગફળીના ભાવ પૂરતા પ્રમાણમાં મળી રહેતા લઈ ઉમટી રહ્યા છે.

મોડાસા શહેર નજીક બાજકોટ માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થતા ૪૦થી વધુ ખેડૂતો ટ્રેક્ટરો લઈ મગફળી વેચાણ માટે પહોંચતા લાંબી કતારો જોવા મળી હતી. ખેડૂતો મગફળી વેચાણ બાદ સમયસર ટેકાના ભાવે વેચાણ કરેલ મગફળીના નાણાં ખરીદ એજન્સી ચૂકવે તેવું ઈચ્છી રહ્યા છે.

## આદિવાસી એકતા પરિષદની ચિંતન શિબિર યોજાઈ

આદિવાસી એકતા પરિષદના નેજા હેઠળ સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા આદિવાસી સંગઠનો,તજજ્ઞો,રાજકીય પ્રતિનિધિઓ અને આદિવાસી સમાજના શુભચિંતકોની ચિંતન શિબિર યોજાઈ હતી.આગામી વસ્તી ગણતરી દરમ્યાન આદિવાસીઓની ઓળખ અંગે આદિવાસી / ટ્રાયબલ કોલમ ફાળવવા દરેક સ્તરેથી રજુઆત કરવાનું સર્વાનુમતે ઠરાવેલ.૧૮૭૧ થી ૧૯૪૧ સુધી આદિવાસીઓની વસ્તી ગણતરી થયેલ છે તે રીસ્ટોર કરવામાં આવે સાથે-સાથે દરેક આદિવાસી પરીવારો આ અંગે ખાસ કાળજી રાખે તેવું આયોજન આદિવાસી સમાજના લોકો ધ્વારા હાથ ધરી જુદી - જુદી સમિતિઓની રચના કરાઈ હતી.

# પોરબંદરમાં ચા પીવા બેઠેલા વ્યક્તિને પોલીસે ફટકાર્યો ૧ હજારનો દંડ

પોરબંદર, તા. ૧૫

રાજ્ય અને દેશભરમાં કોરોના સંક્રમણ વધી રહ્યુ છે. કોરોના મહામારીને રોકવા માટે પોલીસ દ્વારા અવાર નવાર માસ્ક વગર ફરતા લોકોને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. પોરબંદરમાં કિર્તી મંદિર પોલીસે ચા પી રહેલા વ્યક્તિને માસ્ક ના પહેરવાનો ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પોરબંદર કલેક્ટર ડૉ. રવી મોહન સૈની દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે જેમાં ખાદ્ય અને ચીજ-વસ્તુઓ પાર્સલ સુવિધામાં જ રાખવાનું ફરમાન કર્યુ છે. પોરબંદર કીર્તિ મંદિર પોલીસ સ્ટેશનના પીઆઇ એચએલ આહિર તેમજ કીર્તિ મંદિર પોલીસનાસ્ટાફના માણસોએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૭ કોરોના પોઝિટિવ

## પાલનપુર ૧૦, વડગામ ૨, દાંતા ૨, અમીરગઢ ધાનેરા દિયોદર ૧-૧-૧

પાલનપુર

કોરોનાની રફતાર જારી છે વધુ ૧૭ સંક્રમિત થયા છે જેમાં

પાલનપુર ૧૦,વડગામ ૨,દાંતા ૨,અમીરગઢ ધાનેરા દિયોદર ૧-૧-૧ કેસ નોંધાયા છે. જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં એન્ટીજન રેપિડ દ્વારા ૭૫૨ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પૈકી ૦૩ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલમાં એક પણ સેમ્પલ લેવામાં આવ્યા નથી જ્યારે પાલનપુરની પ્રાઈવેટ લેબોરેટરી માંથી લેવાયેલા ૨૨ સેમ્પલ પૈકી ૧૪ પોઝિટિવ આવ્યા છે આમ જિલ્લાના ૭૭૪ સેમ્પલ પૈકી ૧૭ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

## ડીસાના મધ્યમાં આવેલ પાલિકા દ્વારા નિર્મિત

# રાજીવ ગાંધી કોમ્પ્લેક્સની સિડીનો સ્લેબ તૂટતા દોડધામ

ડીસા, તા. ૧૫

ડીસાની મધ્યમાં ફુવારા સર્કલ નજીક આવેલા અને પાલિકા દ્વારા નિર્મિત રાજીવ હોઈ દિવસ દરમિયાન અનેક લોકોની અવર જવર પણ રહેતી હોય છે. લાંબા સમયથી આ કોમ્પ્લેક્સના પાછળનો સિડીનો



ગાંધી કોમ્પ્લેક્સ આવેલું છે જેમાં અનેક દુકાનો ઓફિસો આવેલી ભાગ અતિ જર્જરિત થવા પામ્યો હતો. આ બાબતે સ્થાનિક વેપારીઓ દ્વારા અવાર નવાર પાલિકામાં રજૂઆત પણ કરવામાં આવી હતી તેમ છતાં પણ પાલિકા દ્વારા આ સિડી અને સ્લેબનું સમારકામ કરવામાં સતત બેદરકારી દાખવવામાં આવતી હતી. અતિ જર્જરિત એવો આ સ્લેબ મગળવારે બપોરના સુમારે અચાનક ધડાકાભેર તૂટી પડતા દોડધામ મચી જવા પામી હતી, સદનસીબે બપોર હોઈ લોકોની અવરજવર ઓછી હોય સદ્‌ભાગ્યે જાનહાની ટળી હતી પરંતુ અચાનક બપોરે ધડાકો થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ મામલે સ્થાનિક અને કોમ્પ્લેક્સમાં દુકાનો ધરાવતા વેપારીઓ પાલિકાતંત્ર સામે ભારે બળાપો ઠાલવ્યો હતો.

## ધનસુરા પોલીસે સીએનજી રીક્ષામાંથી

# ૧૫૧ બોટલ અને શામળાજી પોલીસે ઈન્ડિકા કાર પાછળ દોટ મૂકી ૧.૨૪ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

ધનસુરા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરોની ચાલતી દારૂની લાઈનો બંધ થઈ ગઈ. બુટલેગરો આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દોડાવી મુકતા પોલીસે પીછો કરી કારમાંથી ૧.૨૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. કારચાલક શામળાજી પોલીસને થાપ આપવામાં સફળ રહેતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



દારૂ ઠાલવવા નિતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે. ધનસુરા પોલીસે સીએનજી રીક્ષામાંથી ૧૫૧ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે અમદાવાદના બે બુટલેગરોને દબોચી લીધા હતા. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક કારને અટકાવતા કાર ચાલકે કાર

ધનસુરા પીએસઆઈ બી.એસ. ચૌહાણ અને તેમની ટીમે માસ્ક ડ્રાઈવ અંતર્ગત વાહનોનુંચેકીંગ હાથ ધરાતા મોડાસા તરફથી આવતી સીએનજી રીક્ષા પોલીસ ચેકીંગ જોઈ રિક્ષા ચાલકે રીક્ષા પાછી વાળી દોડાવી મૂકે તે પહેલા રિક્ષાને અટકાવી તલાસી લેતા રિક્ષામાં સંતાડી રાખેલ ૧૫૧ બોટલ કીં. રૂ. ૪૫૩૦૦નો જથ્થો મળી આવતા રીક્ષા, મોબાઈલ અને દારૂ મળી કુલ રૂ.૧૪૭૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તૌફીક ઝુબેરભાઈ અજમેરી (રહે. બુખારીબાબા કા મહોલ્લા, બહેરામપૂર) અને મોહસીન મહેબૂબભાઈ રંગરેજ (રહે. ૫૦૧ અલઅમીન ફ્લેટ, દાણીલીમડા)ને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા ઈન્ડિકા વિસ્ટા કારને અટકાવવા ઈશારો કરતા કાર ચાલકે કાર હંકારી મુકતા શામળાજી પોલીસે સરકારી જીપમાં પીછો કરતા રોડ પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. આખરે લાલપુર ગામની સીમમાં કાર ચાલક રોડ પર કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે કારમાં તલાસી લેતા કારમાંથી ૧.૨૪ લાખનો દારૂ મળી આવતા વિદેશી દારૂ સહીત કાર મળી કુલ રૂ.૧૭૪૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અજાણયા કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી તજવીજ હાથ ધરી હતી.

# ઉત્તર ગુજરાત યુનિ. એ વડાલીમાં શરૂ કરેલુ સબસેન્ટર શોભાના ગાંઠીયા સમાન

## મોટાભાગની કામગીરી માટે વિદ્યાર્થીઓને ફરજીયાત પાટણ જવુ પડે છે સબસેન્ટરમાં યુનિર્વસીટીલક્ષી તમામ કામગીરી શરૂ કરવા માંગ

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લીના કોલેજોમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને યુનિર્વસીટીકક્ષાની કામગીરી માટે વર્ષોથી પાટણ જવુ પડતુ હતું જેને લઈને અનેક રજુઆતો બાદ યુનિર્વસીટીના સત્તાવાળાઓ ધ્વારા થોડા મહિનાઓ અગાઉ સાબરકાંઠાના વડાલી ખાતે યુનિર્વસીટીનું સબસેન્ટર મોટા ઉપાડે શૅ? કરાયુ હતું.

જયા કેટલીક મર્યાદિત કામગીરી થઈ રહી છે. જેથી વિધાર્થીઓને પાટણનો ધક્કો ખાધાવિના નિવેડો આવતો નથી જેથી વડાલી સબસેન્ટરમાં વિધાર્થીઓ માટે પરીક્ષાલક્ષી તથા અન્ય સંલગ્ન કામગીરી શરૂ કરવી જોઈએ.

આ અંગે ઉત્તર ગુજરાત યુનિર્વસીટીના પૂર્વ સેનેટ સભ્ય નિતિન આર. સાધુના જણાવાયા મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલી અંદાજે ૫૦ થી વધુ કોલેજો ઉત્તર ગુજરાત યુનિર્વસીટી પાટણ સાથે જોડાયેલી છે. જેથી અનેક રજુઆતો બાદ મોટા ઉપાડે સંસદ સભ્ય અને યુનિર્વસીટીના અધિકારીઓની હાજરીમાં સબસેન્ટરનો પ્રારંભ કરાયો હતો. પરંતુ આ સબસેન્ટરમાં અત્યારે ફકત અનરોલમેન્ટની કામગીરી કરાઈ રહી છે. જોકે શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે સંકડાયેલા લોકોએ કરેલી રજુઆત બાદ તાજેતરમાં આ સબસેન્ટરમાં પરીક્ષાના ફોર્મ લેવાનું શરૂ કરાયુ છે.

પરંતુ તેમાં પણ ઓનલાઈન ફોર્મ સ્વિકારવામાં આવે છે જ્યારે મેન્યુઅલ ફોર્મ લેવામાં આવતા નથી જેથી અનેક વિધાર્થીઓને આ કામ માટે પાટણ ફરજીયાત જવુ પડે છે. યુનિર્વસીટીના સત્તાવાળાઓ પાસે વડાલીના સબસેન્ટરમાં યુનિર્વસીટી કક્ષાની તમામ કામગીરી શરૂ કરવાની સત્તા હોવા છતા કોણ જાણે કેમ વડાલી સબસેન્ટરમાં તમામ કામગીરી શરૂ કરાતી નથી જેથી સાબરકાંઠા અને અરવલ્લીના વિધાર્થીઓમાં ઉત્તર ગુજરાત યુનિર્વસીટી કિન્નાખોરી રાખતી હોવાની છાપ ઉપસી રહી છે. જેથી સત્વરે સત્તાવાળાઓએ વડાલી સબસેન્ટરમાં તમામ કામગીરી શરૂ કરવાના આદેશ આપવા જોઈએ.

# ભિલોડામાં મુખ્ય ધોરીમાર્ગો પર ગાયોના ટોળાંઓથી વાહનચાલકો પરેશાન

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મુખ્ય ધોરીમાર્ગો પર ઠેર-ઠેર ગાયોના સદીના હાઈટેક આધુનિક સમયમાં અબોલા પશુઓ જાહેર ધોરીમાર્ગો પર અડીંગો જમાવી દેતા હોય છે.વાહન ચાલકો,નાગરિકો અને



ટોળાંઓથી વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો પ્રશ્ન જટીલ બની રહ્યો છે.અગાઉના સમયમાં પશુઓ માટે ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં ગૌચર જમીનમાં પશુઓ ચરતા જોવા મળતા હતા.

હાલના તબક્કે ૨૧મી રાહદારીઓને અનેક વખત ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.કેટલીક વખત અબોલા પશુઓની લડાઈ-મસ્તીમાં નાગરિકો પણ અડફેટે કે શિંગડે ચડી જવાની ભીતી નકારી શકાતી નથી ત્યારે ધોરીમાર્ગો પર ગાયોના અડીંગા જોવા મળી રહ્યા છે.

# ભિલોડાના લીલછા ગામમાં મહિલા પી.એસ.આઈ.નો સન્માન સમારંભ યોજાયો

ભિલોડા તાલુકાના લીલછા ગામમાં મહિલા પી.એસ.આઈ. નો સન્માન સમારંભ યોજાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશનમાં મહિલા પી.એસ.આઈ. તરીકે ચાર્જ પ્રસરી છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં મહિલા પી.એસ.આઈ. એમ.વી. ગઢવીને ચાર્જ મળતા લીલછા ગામના ડાહ્યાદાન ગઢવી અને ઝુલા પરીવાર ધ્વારા મહિલા પી.એસ.આઈ. નો



સંભાળતા લીલછા ગામમાં સન્માન સમારંભ યોજાયો હતો. લીલછા ગામના ઝુલા પરીવારનું ગૌરવ વધારતા સર્વત્ર આનંદની લાગણી સન્માન સમારંભ યોજાયો હતો. આગેવાનો સહિત સરપંચે મહિલા પી.એસ.આઈ.ને ફુલ આપી હૃદયપુર્વક ભાવભીનુંસ્વાગત કર્યુંહતું.